# <u>જન્મ-મરણ</u>

## (૧)<u>જન્મ પ્રમાણપત્ર મેળવવા બાબતે:</u>

જન્મ પ્રમાણપત્ર મેળવવા બાબતે સરકારશ્રીના નિતિ-નિયમ અનુસાર ફોર્મ નં.૧ (સામેલ છે) માં અરજદારશ્રી એ માહિતી ભરવાની રહે છે.તથા તેની સાથે ડોક્ટર નું અસલ સર્ટી./પ્રમાણિત નકલ રજુ કરવાની રહે છે.

- જન્મ થયાના ૨૧ દિવસ સુધીમાં ડોકટરશ્રી/અરજદારશ્રી એ જન્મ નોંધ વિના મુલ્યે કરવાની રહે છે.
- જન્મ ની નોંધ મોડામાં મોડા 30 દિવસની અંદર કરાવવી જરૂરી છે.
- જો 30 દિવસ ઉપર પણ એક વર્ષથી નીચે ના જન્મની નોંધ કરાવવાની હોય તો લેઈટ નોંધણી માટે સોગંદનામું રજુ કરી રજીસ્ટારશ્રીના હુકમથી કુલ ૬ રૂપિયા લેઈટ ફી ભરી તેની નોંધ કરવવાની રહે છે.
- જો એક વર્ષ ઉપરનો સમય થયેલ હોય તો કોર્ટના આદેશથી નોધણી કરાવી તેની ૧૦ રૂપિયા લેઈટ ફી ભરવાની રહે છે.
- બાળકનું નામ એક વર્ષ સુધી જન્મ પ્રમાણપત્ર માં વિના મુલ્યે લખાવી શકાય છે.એક વર્ષથી ઉપરના સમય માટે ૫/- રૂપિયા લેઈટ ફી ભરી મોડામાં મોડા પંદર વર્ષ સુધી નામ ઉમેરી શકાય છે.

ભવિષ્યમાં જન્મ-મરણ અંગેની માહિતી crs.guj.nic.in વેબ સાઈટ પર જોઈ શકાશે.

## (૨)મરણ પ્રમાણપત્ર મેળવવા બાબતે:

મરણ પ્રમાણપત્ર મેળવવા બાબતે સરકારશ્રી ના નિતિ-નિયમ અનુસાર ફોર્મ નં.૨ (સામેલ છે) માં અરજદારશ્રી એ માહિતી ભરવાની રહે છે.તેની સાથે નીચે મુજબ વિગત રજુ કરવાની રહે છે.

- દવાખાનામાં મૃત્યુ થયેલ હોય તો તેનું પ્રમાણપત્ર/તેની પ્રમાણિત નકલ.
- સ્મશાન/કબ્રસ્તાનની પહોંચ/તેની પ્રમાણિત નકલ
- પી.એમ. કેસ માં પોલિસ રીપોર્ટ તથા પી.એમ સર્ટીફીકેટ.
- મરનારના રહેઠાણનો પુરાવો
- મૃત્યુની નોંધ મૃત્યુ થયાના ૨૧ દિવસ થી અંદર વિના મુલ્યે ડોકટરશ્રી/અરજદારશ્રી એ કરવવાની રહે છે.
- મૃત્યુની નોંધ મોડામાં મોદી 30 દિવસ સુધીમાં કરાવવી જરૂરી છે.
- 30 દિવસથી ઉપર પણ એક વર્ષથી નીચેના સમયની મૃત્યુ નોંધ કરાવવાની હોય તો સોગંદનામું લેઈટ નોંધણી માટે રજુ કરી રજીસ્ટ્રારશ્રી ના હુકમ થી કુલ ૬/-રૂપિયા લેઈટ ફી ભરી તેની નોંધણી કરાવવાની રહે છે.
- જો એક વર્ષ ઉપરનો સમય થયેલ હોય તો કોર્ટના આદેશથી નોંધણી કરાવી તેની રૂપિયા ૧૦/- લેઈટ ફી ભરવાની થાય છે.

## (3)લગ્ન નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે:

લગ્ન નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે સરકારશ્રીના નિતિ-નિયમ અનુસાર નિયત નમૂનામાં (સામેલ નમુના મુજબ) અરજી ફોર્મ ભરવાનું રહે છે.તે માટે નીચે મુજબ પુરાવા રજુ કરવાના રહે છે.

- લગ્ન કંકોત્રી (અસલ)/૨૦ રૂપિયા ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું(અસલ)
- વર અને કન્યા ના એલ.સી./જન્મ નું પ્રમાણપત્ર
- વર અને કન્યા નું આઈ.ડી.પ્રૂફ (ચૂંટણીકાર્ડ/આધારકાર્ડ/પાનકાર્ડ/પાસપોર્ટ/ફોટા વાળું પ્રૂફ કોઈ પણ એક પ્રૂફ)
- વર અને કન્યા ના પિતા/માતા/વાલી નું આઈ.ડી.પ્રૂફ
- બે સાક્ષી ના આઈ.ડી.પ્રૂફ
- પંડિત નું આઈ.ડી.પ્રૂફ અને પ્રમાણપત્ર
- લગ્ન નો ફોટો/પાસપોર્ટ સાઇઝ ના વર અને કન્યા ના ફોટા
- બે ૧૦૦ રૂપિયા વાળી એગ્રીમેન્ટ ટીકીટ
- લગ્નસ્થળ મંદિર હોય તો તે મંદિર ના ટ્રસ્ટીનું પ્રમાણપત્ર અને ઘર હોય તો તે ઘરનું લાઈટ બિલ અને તે ઘરના માલિક નો સંમતી પત્રક
- ઉપર રહેલા દરેક ડોક્યુમેન્ટ ની ઝેરોક્ષ કરાવવી અને દરેક ઝેરોક્ષ પ્રમાણિત નકલ (TRUE COPY) કરાવવી.
- વર અને કન્યા એ ફરજીયાત હાજર રહેવું.
- લગ્નતારીખના 30 દિવસથી અંદર લગ્ન નોંધણી કરાવવા માટે રૂ.૫/- ફી ભરવાની રહેછે.
- લગ્નતારીખના 30 દિવસથી ઉપર ત્રણ માસ સુધી રૂ.૧૫/- ફી ભરવાની રહે છે.
- લગ્નતારીખના ત્રણ માસના ઉપરના સમય માટે રૂ.૨૫/- ફી ભરવાની રહે છે.